# વિદ્યાર્થીએ યાચક અને શિક્ષકે વાચક બનવાની જરૂર છે

આજનો વિદ્યાર્થી અને આજનો શિક્ષક ખૂબ જ Bussy બની ગયાં છે. તેમનું આ બીઝીપણું તેમને શિક્ષણથી થોડે દૂર ખેંચી જાય છે. તેમને આ ખેંચાણમા ખેંચાઇ જવાનો કયારેક આનંદ પણ આવે છે. આ ક્ષણભંગૂર આનંદ તેમના જીવન માટે કેટલાંક પ્રમાણમાં ઘાતક પણ નીવડે છે. આમછતાં ક્ષણભંગૂર આનંદ માટે ખેંચાઇ જતાં આ વિદ્યાર્થીઓ કે શિક્ષકો માટે શિક્ષણ-અભ્યાસ એ સાઇડ બીઝનેશ બની જાય છે.નરી વાસ્તવિકતા એ છે કે બંને પોતપોતાની જવાબદારી અને ફરજથી પરિચિત હોવાં છતાં અન્ય બાબતોને પોતાનું ધ્યેય કે ફરજ બનાવી પોતાના જીવન માટે અધોગતિ નોંતરે છે.

આજનો વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા માટે જરૂરી હાજર દિવસ પૂર્ણ કરવા માટે જ શાળા-કોલેજમાં આવતો હોય તેવું લાગે છે. ઘણીવાર વિચાર ઝંઝળાવે છે કે, શાળા-કોલેજમાં હાજરી પૂરવામાં ન આવતી હોય અને આવવા-જવા પર કોઇ જ રોકટોક ન હોય તો કેટલાં વિદ્યાર્થી નિયમિતપણે પૂરો સમય શાળા-કોલેજમાં હાજરી આપે? તમારો અને મારો જવાબ સમાન જ હશે. આવું કેમ? માટે જ કહી શકાય કે આજના વિદ્યાર્થી અને શિક્ષકો અભ્યાસેતર બાબતોમાં ખુબ જ Bussy બની ગયાં છે.

આજના વર્ગખંડની પરિસ્થિતિનો અનુભવ એ તારણ પર પહોંચાડે છે કે, આજના વિદ્યાર્થીને શિક્ષક સાથે ચર્ચા કરવાની કે કશુંક પણ પૂછવાની ઇચ્છા જ થતી નથી. હા, તેની પાછળ કયારેક કોઇ કારણ હશે જ. પણ એ કારણો એવાં તો નહીં જ હોય કે જે દૂર ન કરી શકાય. આજના વિદ્યાર્થીમાં જાણવાની ઇચ્છા શક્તિનો અભાવ અને ચલાવી લેવાની વૃત્તિનું પ્રમાણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જેના કારણે વર્ગખંડ કે શાળા-કોલેજના કેમ્પ્સમાં વિદ્યાર્થી-શિક્ષક વચ્ચેના સંવાદનો સૂર ભાગ્યેજ સાંભળવા મળે છે. આજના વિદ્યાર્થીને શિક્ષક પાસે માંગતાં કે વિનંતી કરતાં શરમ આવે છે. જેનાં કારણો હોઇ શકે. પણ અહીં કારણ કરતાં પરિણામને વધુ પ્રાધાન્ય અપાવું જોઇએ. વિદ્યાર્થીએ પોતાની યાચકવૃત્તિને ઉછેરવી પડશે અને પછી ઉશ્કેરવી પડશે. તેની આ યાચકતામાં નમાલાપણાનાં નહીં પણ માલપણાંનાં દર્શન કરવા જોઇએ. સાર્થ જોડણકોિશ મુજબ “યાચક“ નો અર્થ વિનંતી, માંગણી, પ્રાર્થના એવો કરવામાં આવ્યો છે. તે મુજબ જોઇએ તો આ ત્રણે બાબતો વિદ્યાર્થી અવસ્થા માટે ખૂબ જ મહત્ત્વની ગણી શકાય. વિદ્યાર્થીને પોતાનું વિદ્યાર્થીપણું ખીલવવા માટે આ ત્રણે બાબતોને આસ્થાપૂર્વક સ્વીકારવી પડશે, દિલ અને દિમાગ સાથે જોડવી પડશે.

વર્ગખંડમાં વિદ્યાર્થી સતત રણકતો હોવો જોઇએ. તેના મનમાં પ્રશ્નો ઊભા થવા જ જોઇએ. પ્રશ્નો જ પ્રગતિની નિશાની છે. માત્ર પ્રશ્નો ઊભા થાય તેટલું પૂરતું નથી. એ પ્રશ્નો વિદ્યાર્થીએ વર્ગમાં પૂછવા જ જોઇએ.આજના વિદ્યાર્થીને શિક્ષક સામે પોતાના પ્રશ્નને રજૂ કરવામાં સંકોચ થતો જોવા મળે છે. આ સંકોચને સાચવી રાખવામાં સંતોષ માનતા વિદ્યાર્થીઓનો ભેટો સંતાપ સાથે થાય છે, સફળતા સાથે નહીં. વર્ગખંડમાં શિક્ષક દ્વારા પિરસવામાં આવતી વાનગીનો સાચો સ્વાદ ત્યારે જ મળશે કે જ્યારે તમે બરાબર ચાવી શકશો. સાચો સ્વાદ માણવાં અને તેનું શક્તિમાં રૂપાંતર કરવા માટે શિક્ષક સાથે વધુમાં વધુ ચર્ચા કરો, પ્રશ્નો પૂછો. શિક્ષક સારું ભણાવે, ચોક્કસ અને પૂરતા શૈક્ષણિક સાધનો સાથે જ વર્ગમાં આવે તેવી લાગણી અને માંગણી વિદ્યાર્થીઓએ ભાનભૂલેલા શિક્ષકો સમક્ષ કરવી જોઇએ. સાથે સંચાલકો કે સરકાર સામે પણ પૂરતી સગવડતા માટે માંગણી કરતા સંકોચ અનુભવવો જોઇએ નહીં. ઇન્ટરનલ માર્કસ,ખૂટતી હાજરી કે વહેલાઘેર જવાની રજા માંગતા શરમ ન અનુભવતા વિદ્યાર્થીને શૈક્ષણિક પ્રશ્નો પૂછવામાં શરમ આવે છે ! આવા વિદ્યાર્થી માટે શું સમજવું? વિદ્યાર્થીએ એવી કેટલીક સામગ્રી સાથે વર્ગખંડમાં પ્રવેશ કરવો જોઇએ કે જેથી શિક્ષક સાથેના સંવાદમાં મજા પડી જાય. આ સમયે બંને પક્ષે સ્નેહ નિતરવો જોઇએ. પોતાને શું નથી આવડતું કે કઇ બાબતમાં શું મુશ્કેલી પડે છે કે વધારે જાણવાં માટે શું વાંચવું જોઇએ વગેરે માંગણી વિદ્યાર્થી દ્વારા વર્ગમાં થવી જોઇએ.

અહીં એક નવો વિચાર મૂકવાની ઇચ્છા રોકી શકતો નથી, કે દરેક તાસના અંતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં માટે પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવે છે તેમ વિદ્યાર્થીની યાચકતા માટે પણ ચાર-પાંચ મિનિટનો સમય ફાળવવો જોઇએ. જેમાં વર્ગખંડમાં જેનો અભ્યાસ શિક્ષકે કરાવેલ છે તેના અનુસંધાનમાં વિદ્યાર્થી શિક્ષકને પ્રશ્નો પૂછી પોતાની મૂંઝવણ દૂર કરી શકે, પોતે વધુ સ્પષ્ટ બની શકે. જે માટે પ્રથમ તો વિદ્યાર્થીએ યાચક બનવું પડે.

વિદ્યાર્થીની વાત કરીએ ત્યારે શિક્ષકને પણ યાદ કરવો જ રહ્યો. એક પ્રશ્ન થાય છે કે આજે કેટલા શિક્ષકને ઘેર પોતાની અલગ નાની સરખી લાયબ્રેરી છે? આ તો એના જેવી વાત થઇ કે એક ખેડૂત હોય પણ તેની પાસે હળ, ગાડું , કોદાળી જેવાં ખેતીના ઓજાર ન હોય. તે ખેડૂત કેવી ખેતી કરતો હશે? તેનું પ્રોડક્શન કેટલું હશે? જો ખેડૂત માટે આવું વિચારતાં હોઇએ તો શિક્ષક માટે કેમ નહીં? જે શિક્ષક પૂરતું વાંચતો ન હોય તે વર્ગખંડમાં કેટલું અને કેવું ભણાવતો હશે? તેની સ્થિતિ પણ પેલાં ખેડૂત જેવી જ ગણાય. શું શિક્ષકે માત્ર પાઠ્યપુસ્તકમાં આપેલું જ ભણાવવાનું છે? જો એમ જ હોય તો કેટલાંક બાળકોના વાલી પણ તે કામ પોતાના ઘેર જ સારી રીતે કરી શકે તેમ છે. તો ત્યાં શિક્ષક કે શાળાની શી જરૂર પડે? શિક્ષક પોતાના વિષયને લગતું સંદર્ભ સાહિત્ય વાંચવું જોઇએ. જેથી ઊંડાભર્યું જ્ઞાન પિરસી શકે. માત્ર પોતાના વિષયનું વાંચવાથી પણ નહીં ચાલે અન્ય વિષયનું પણ વાંચન કરવું જોઇએ. તેમ કરવાથી અધ્યાપન દરમિયાન જુદા જુદા વિષયો વચ્ચે અનુભંધ સાધી શકાશે. આમ થવાથી વિદ્યાર્થીને રસ પડશે અને સરળતાથી સમજી શકશે. અન્ય એક વાસ્તવિકતા એ પણ છે કે, ઉચ્ચત્તર શિક્ષણ લેવલ પર દરેક વર્ગખંડમાં પાંચ-દસ ટકા વિદ્યાર્થીઓ એવા પણ જોવા મળશે કે તેઓ શિક્ષક કરતા પણ વધું વાંચતા હોય અને પ્રચાર માધ્યમો જોતા હોય. આવા વિદ્યાર્થીઓને ઘણી વખત શિક્ષક તરફથી પિરસાતું ભાવતું નથી કે ઓછું પડે છે. માટે જ શિક્ષકોએ વધુ વાંચીને આવા વિદ્યાર્થીઓને સંતોષ આપવા પણ પ્રયત્નો કરવા જોઇએ.

દરેક શિક્ષકે એક બાબત વિચારીને તેમાંથી પ્રેરણા લેવા જેવી છે. દરેક શાળા-કોલેજમાં જુદા જુદા શિક્ષકોને વિદ્યાર્થીઓ જુદી જુદી નજરે જૂએ છે. કેમ? કેટલાક શિક્ષક શિક્ષા કરતા હોય છે અને ક્યારેક કઠોર વર્તન પણ કરતા હોય છે. આમછતાં તેઓ જ્ઞાની હશે અને વર્ગખંડમાં સારું ભણાવતા હશે તો તેવા શિક્ષકને વિદ્યાર્થીઓ પૂરતો આદર આપતા હશે, બીજી બાજુ જે શિક્ષક વિદ્યાર્થી સાથે મિત્રભાવે વર્તન કરતો હોય પણ ઓછો જ્ઞાની હોય અને વર્ગખંડમાં વેઠ ઉતારતો હશે તો તેની વિદ્યાર્થીઓ ઠેકડી ઉડાડતા હશે, માનની નજરે જોતા પણ નહીં હોય. માટે જ પોતાની પ્રતિષ્ઠા માટે પણ શિક્ષકે વાંચન કરવું જરૂરી છે જ. આજે ઘણાં શિક્ષક અન્ય વ્યવસાયમાં એટલાં તો બીઝી બની ગયાં હોય છે કે આવા બિચારાં શિક્ષકોને વાંચવાનો સમય પણ મળતો નથી. પરિણામ ભોગવવું પડે છે વિદ્યાર્થીઓને!

આપણે અપેક્ષા રાખીએ કે શિક્ષક વાંચતો થાય. જો તે વાંચશે તો તેના વિદ્યાર્થીઓ પણ વાંચશે. વાચક શિક્ષક હશે તો યાચક વિદ્યાર્થી પણ મળશે અને જો યાચક વિદ્યાર્થી હશે તો વાચક શિક્ષક પણ મળશે. આ બંનેમાંથી એકની લોટરી લાગી જાય તો બીજી બાબત આપોઆપ ગોઠવાઇ જશે. પણ એટલી અધૂરી આશા કેમ રાખવી. આપણે સૌ ઇચ્છા, આશા, અરમાન અને શ્રદ્ધા રાખીએ કે યાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષકનો સંગમ થાય. યાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષક જીવંત પાત્રોના ઉદાહરણ છે. તેઓમાં ભારોભાર જીવંતતા ભરેલી હોય છે. આવું બને તો શિક્ષણમાં દરરોજ સોનાનો સૂરજ ઊગે.